## આખરે લીંડિયાતનો બુટલેગર સરપંચ વિરલ વસાવા સસ્પેન્ડ

**સરપંચ** વિરલ સામે કોસંબામાં 15, બારડોલી-વાપીમાં 1-1 ગુના નોંધાયા હતા


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા નજીક આવેલા લીંડિયાત ગામના સરપંચ અને લિસ્ટેડ બુટલેગર વિરલ ધનસુખભાઈ વસાવાને આખરે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચ પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. લાંબા સમયથી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવા છતાં હોદ્દા પર ટકી રહેલા સરપંચ સામેની આ કાર્યવાહીથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિરલ વસાવા સામે અત્યાર સુધીમાં દારૂની હેરાફેરીના કુલ 17 ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે, જેમાં કોસંબા પોલીસ સ્ટેશનમાં 15, બારડોલીમાં 1 અને વાપીમાં 1 ગુનાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઓલપાડ વિસ્તારમાં પકડાયેલા દારૂના કેસમાં પણ તે વોન્ટેડ હતો. આટલો મોટો ગુનાહિત ઈતિહાસ હોવા છતાં, સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ તે બિનધાસ્તપણે ઈંગ્લિશ દારૂની રેલમછેલ કરી રહ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

તાજેતરમાં સુરત જિલ્લા એલસીબી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. લિસ્ટેડ બુટલેગર હોવા છતાં તે સરપંચ જેવી જવાબદાર ગાદી પર બિરાજમાન હતો, જે લોકશાહી અને પંચાયતી રાજની મર્યાદાઓ પર સવાલ ઊભા કરતું હતું. આ બાબતે કામરેજ પોલીસ સ્ટેશન દ્વારા સુરત જિલ્લા વિકાસ અધિકારીને કડક પત્ર લખી કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવી હતી. પોલીસના રિપોર્ટ અને ગુનાઓની ગંભીરતાને ધ્યાને લેતા, સુરત જિલ્લા વિકાસ અધિકારીએ તાત્કાલિક અસરથી વિરલ વસાવાને સરપંચ પદેથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. આ કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી તે હોદ્દા પર પરત ફરી શકશે નહીં.

## રાજપીપળામાં જ્વેલરી શોપમાં એસી બ્લાસ્ટ થતાં આગ ભભૂકી

**જ્વેલરી** શોપથી દોઢ કિલોમીટરનું અંતર કાપતાં ફાયર બ્રિગેડને એક કલાક લાગ્યો

**લાખોની** માલ-મત્તા ખાખ, નગરપાલિકાની કામગીરી સામે વેપારીઓમાં રોષ


દીપલ સોની

રાજપીપળાઃ રાજપીપળાના દોલત બજાર વિસ્તારમાં સોના-ચાંદીની દુકાનમાં એસી ફાટતાં આગ ભભૂકી ઊઠી હતી. આ બનાવમાં લાખોનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

રાજપીપળાના હાર્દ સમાન દોલત બજાર વિસ્તારમાં સોમવારે આગ લાગી હતી. ભરચક ગણાતા આ વિસ્તારમાં આવેલી દીપલકુમાર દ્રુપદભાઈ સોનીની સોના-ચાંદીની દુકાનમાં અચાનક એસી ફાટતાં જોતજોતામાં સમગ્ર દુકાન આગની લપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાને પગલે બજારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને ગ્રાહકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા.

આ ઘટનામાં સૌથી વધુ ચર્ચા પાલિકાની કામગીરીને લઈને થઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યાનુસાર આગની ઘટના બની તે સ્થળ રાજપીપલા નગરપાલિકાથી માત્ર દોઢ કિલોમીટરના અંતરે આવેલું છે. આમ છતાં, ફાયર ફાઈટરની ટીમને ઘટના સ્થળે પહોંચતા એક કલાક જેટલો સમય લાગ્યો હતો. દુકાન માલિકના જણાવ્યા મુજબ, જાગૃત નાગરિકો દ્વારા સમયસર જાણ કરવા છતાં જ્યારે ફાયર ટેન્કર પહોંચ્યા ત્યાં સુધીમાં કીમતી માલ-મત્તા સહિત આખી દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. લાખો રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે. આગની જાણ થતા જ રાજપીપળા ટાઉન પી.આઈ. ગામીત પોતાની ટીમ સાથે તાત્કાલિક દોલત બજાર પહોંચી ગયા હતા. પોલીસે ભીડ પર કાબૂ મેળવી પરિસ્થિતિને થાળે પાડી હતી.

સદનસીબે, આ વિકરાળ આગમાં કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી, જે એક મોટી રાહતની વાત છે. જો કે, ફાયર વિભાગના વિલંબને કારણે વેપારી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## તહેવારમાં નવાં કપડાં ખરીદવા બંધ મકાનમાં ચોરી કરનારા બે ઝડપાયા

**સોનગઢની** અમન પાર્ક સોસાયટીમાં બે કિશોરે ચોરી કરી હતી

સોનગઢઃ તાપી જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી એક ઘરફોડ ચોરીનો ગુનો ગણતરીના દિવસોમાં શોધી કાઢ્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરને ઝડપી પાડી તેમની પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ગત તા.૫/૩/૨૦૨૬ના રોજ સોનગઢની અમન પાર્ક સોસાયટીમાં એક બંધ મકાનમાં ચોરી થઈ હતી. તસ્કરોએ મકાનના પાછળના ભાગે લાકડાની સીડી વાટે ચઢી, ટોઈલેટની બારીનો કાચ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને કબાટમાં રાખેલા ચાંદીના ઘરેણાં, રોકડ રકમ તેમજ બે મોબાઈલ ફોનની ચોરી કરી હતી. પોલીસને બાતમી મળી હતી કે આ ચોરીમાં સામેલ શખ્સો સોનગઢ દશેરા કોલોનીની પ્રાથમિક શાળા પાસેના ખુલ્લા મેદાનમાં ભાગ પડાવવા બેઠા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બે કિશોરોને અટકાયતમાં લીધા હતા. પૂછપરછમાં બહાર આવ્યું કે આગામી તહેવારોમાં નવાં કપડાં ખરીદવા માટે તેમણે આ ચોરી કરી હતી. પોલીસે કિશોરો પાસેથી રૂ.૫૧,૩૭૦નો મુદ્દામાલ (રોકડ, ઘરેણાં અને બે મોબાઈલ) કબજે કર્યો છે. આ ગુનામાં સામેલ અન્ય એક કિશોરને પોલીસે વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભડભૂંજા પાસે વાહન અડફેટે મહિલાનું મોત

વ્યારાઃ નવાપુરના ઝામણઝર ગામના પ્રતીક્ષાબેન માવચી તેમના માતા રીનાબેન અને મંગેતર સાથે મોટરસાઇકલ પર ઉચ્છલ તાલુકાના ભડભૂંજા ગામે ખ્રિસ્તી સમાજની પ્રાર્થના સભામાં જઈ રહ્યાં હતાં. ગત રવિવારે સાંજે સાતેક વાગ્યાના અરસામાં ભડભૂંજા ગાંધીનગર ફળિયા પાસે પાછળથી પૂરઝડપે આવતા એક અજાણ્યા વાહનચાલકે તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રીનાબેન અરવિંદભાઈ માવચીનું મોત થયું હતું, જ્યારે અન્ય સવારોને નાની-મોટી ઈજા પહોંચી હતી.

### ભુરીવેલ પાસે કારની ટક્કરે બાઇક સવારનું મોત

સોનગઢઃ સોનગઢના ભુરીવેલ ગામે બેંક ઓફ બરોડા સામે સ્કોર્પિયો નં.(GJ-26-AK-9150)ના ચાલકે બાઇક નં.GJ-26-P-4793ને ટક્કર મારતાં પાથરડા ગામના ૫૬ વર્ષીય શંકરભાઇ ગામીતને સારવાર માટે સોનગઢની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત થયું હતું. અકસ્માત સર્જી સ્કોર્પિયો ચાલક ફરાર થઈ ગયો છે.

### કડોદરામાં અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળ્યો

પલસાણાઃ કડોદરા ચાર રસ્તા બ્રિજ નીચેથી 60 વર્ષીય અજાણ્યા ભીખારીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. કડોદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકના વાલીવારસની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

### તાપી જિલ્લામાં ધો.12 સા.પ્ર.માં 777 અને વિ.પ્ર.માં 249 વિદ્યાર્થીએ પરીક્ષા આપી

વાલોડઃ તાપી જિલ્લામાં ધોરણ-12 (HSC) ની પરીક્ષા અંગે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા HSC જનરલ-સાયન્સ સ્ટ્રીમના ઝોનલ અધિકારી પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તા.9 માર્ચના રોજ ધોરણ-12 માં સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્ર વિષય માટે વ્યારા, સોનગઢ, વાલોડ, ઉચ્છલ, નિઝર અને ડોલવણ સહિતના કેન્દ્ર પર કુલ 777 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વધુમાં, વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયની પરીક્ષા વ્યારા કેન્દ્રની વિવિધ શાળાઓમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના કુલ 249 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ધોરણ 10 ના ગુજરાતી માધ્યમના કુલ 200 વિદ્યાર્થીએ અને અંગ્રેજી માધ્યમના કુલ 102 વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષા આપી હતી. આમ, ધો.10માં કુલ 302 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.

### અટોદરા ગામનો મુસ્લિમ આધેડ નશાની હાલતમાં બાઈક હંકારતા ઝડપાયો

સાયણઃ ઓલપાડના સાયણ ફાંટા પાસે વાહન ચેકિંગ દરમિયાન પોલીસે અટોદરાના અબ્દુલ સત્તાર મિરઝા (ઉં.વ.60)ને નશાની હાલતમાં બાઈક નં.(જીજે-૦૫,જી.ક્યુ-૬૭૩૧) હંકારતા ઝડપી પાડ્યો હતો. આરોપી એક જવાબદાર જનપ્રતિનિધિનો પતિ હોવાનું જાણવા મળ્યું છે. રમઝાન માસમાં બનેલી આ ઘટનાને પગલે મુસ્લિમ સમાજમાં ફિટકારની લાગણી જન્મી છે.

### મહારાષ્ટ્રના જલગાંવની વિખૂટી પડેલી પરિણીતાનું પરિવાર સાથે મિલન

વાલોડઃ તાપી જિલ્લાના 'સખી' વન સ્ટોપ સેન્ટરે પ્રશંસનીય કામગીરી કરી પાંચ દિવસથી વિખૂટી પડેલી યુવતીને પરિવાર સાથે મેળવી આપી છે. મહારાષ્ટ્રના જલગાંવની 19 વર્ષીય પરિણીતા સાસરિયાના ત્રાસથી કંટાળી વ્યારા પહોંચી હતી, જ્યાં ગત 4 માર્ચે પોલીસને તે એકલવાઈ હાલતમાં મળી આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી સુલોચના પટેલના માર્ગદર્શન હેઠળ સેન્ટરના સંચાલક મધુબેન પરમારે યુવતીનું કાઉન્સેલિંગ કરી તેના પિતાનો સંપર્ક સાધ્યો હતો. સાસરિયાઓએ સ્વીકારવાની ના પાડતાં તમામ કાયદાકીય પ્રક્રિયા બાદ દીકરીને પિતાને સોંપવામાં આવી હતી. તંત્રની આ ત્વરિત કામગીરીથી પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

### નિઝરમાં ફરાર બુટલેગર ઝડપાયો

કુકરમુંડાઃ નિઝર પોલીસ વેલદા ટાંકી પાસે વાહન ચેકિંગ કરી રહી હતી. દરમિયાન બાતમીના આધારે વોચ ગોઠવી પોલીસે પ્રોહિબિશનના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપી વિકી રવિભાઈ વડર (રહે.,ખાપરગાવ સિમ્પીગલી, અક્કલકૂવા, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો.

### ઓલપાડના આંધી ગામે નહેરમાંથી લાશ મળી

સાયણઃ ઓલપાડના આંધી ગામની સીમમાં નહેરના ગરનાળા પાસેના પાણીમાંથી ૩૫-૪૦ વર્ષના પુરુષની ડી-કમ્પોઝ હાલતમાં લાશ મળી આવી છે. મૃતકના જમણા હાથે 'નિરેંદ્ર પટેડા' લખેલું છૂંદણું છે. ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઉચ્છલના કુઇદામાં બોગસ ડોક્ટર ઝડપાયો

કુકરમુંડા, વ્યારાઃ એસ.ઓ.જી. ટીમને બોગસ ડોક્ટરો વિશે બાતમી મળતાં ઉચ્છલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ઉચ્છલના કુઇદા ગામે રહેતા સચિનભાઈ નગીનભાઈ પાટીલ (ઉં.વ.52) ગેરકાયદે લાઇસન્સ વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા હતા. તેઓ આસપાસનાં ગામોમાંથી આવતા દર્દીઓને એલોપેથીક દવાઓ આપી સારવાર કરતા હોવાનું બહાર આવ્યું હતું. આ બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે ઝડપી પાડ્યો હતો અને તેની પાસે રહેલી એલોપેથીક દવાઓ તથા મેડિકલ સંબંધિત સામાન સહિત રૂ.34,032નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને વધુ તપાસ માટે ઉચ્છલ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## ભરૂચમાં જૂની અદાવતમાં સાસુ-વહુ પર તલવાર વડે હુમલો

**તલવારથી** આતંક મચાવનાર ત્રણ સામે ગુનો નોંધાયો

ભરૂચઃ શહેરના રાજીવનગરની આશ્રય સોસાયટી રવિવારની સાંજે જૂના ઝઘડાની અદાવત રાખી કેટલાક શખ્સોએ એક પરિવારના ઘરમાં ઘૂસી સાસુ-વહુ પર જીવલેણ હુમલો કરતાં સમગ્ર પંથકમાં ભય અને દહેશતનો માહોલ સર્જાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત 8 માર્ચના રોજ રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે ભરૂચની રાજીવનગર ઝૂપડપટ્ટી પાસે આવેલી આશ્રય સોસાયટીમાં રહેતાં સવિતાબેન હરેશભાઈ ચણાવાલાના ઘરે આરોપી સચિન ઉર્ફે કાલી પુનાભાઈ વસાવા અને વિજયભાઈ પુનાભાઈ વસાવા ધસી આવ્યાં હતાં.

આરોપીઓએ જૂના વિવાદ મુદ્દે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. ઉશ્કેરાયેલા હુમલાખોરોએ હાથમાં તલવાર સાથે પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આસપાસના રહીશોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો.

આ ઘટના દરમિયાન સવિતાબેનનાં સાસુ સુષ્માબેન વચ્ચે પડતા આરોપીઓએ તેમને જોરથી ધક્કો માર્યો હતો, જેથી તેઓ જમીન પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.

હુમલાખોરોએ પોતાની બહેન હિરલબેન રાહુલભાઈ વસાવાને પણ સ્થળ પર બોલાવી લીધી હતી, જેણે સવિતાબેનના વાળ પકડી તેમને ઢોર માર માર્યો હતો.

અંતે પરિવારજનોએ હિંમત દાખવી હુમલાખોરોને ઘરની બહાર કાઢી દરવાજો બંધ કરી દેતાં મોટી જાનહાનિ ટળી હતી. ઈજાગ્રસ્ત સુષ્માબેનને 108 મારફતે ભરૂચ સિવિલ હોસ્પિટલ અને સવિતાબેનને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

ભરૂચ પોલીસે આ મામલે સચિન, વિજય અને હિરલબેન વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બારડોલીના તેનમાં ૧૯ ભેંસ ભરેલો ટેમ્પો ઝડપાયો, એક ભેંસનું મોત



**ડ્રાઈવર** તોસીફ વ્હોરા અને ક્લીનર સલીમ જમાદારની અટકાયત

બારડોલીઃ બારડોલીના તેન ગામની સીમમાં પલસાણાથી ધુલીયા તરફ જતાં રોડ પર જીવદયા પ્રેમીઓએ બાતમીના આધારે એક આઈશર ટેમ્પોને આંતરીને તપાસ કરતાં તેમાંથી ૧૯ ભેંસો મળી આવી હતી. આ પશુઓને અત્યંત ક્રૂરતાપૂર્વક અને ટૂંકા દોરડાથી બાંધીને કતલખાને લઈ જવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું છે.

મહાવીર હરખચંદ જૈન અને તેમના સાથીમિત્રોએ શંકાસ્પદ આઈશર ટેમ્પો નં.(GJ-27-TG-3532)નો પીછો કર્યો હતો. તેન ગામ પાસે સુરુચિ વસાહત સામે ટેમ્પોને ઊભો રખાવી તપાસ કરતાં અંદર પશુઓ માટે ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વગર ૧૯ ભેંસોને ખીચોખીચ ભરેલી જોઈ જીવદયા પ્રેમીઓ ચોંકી ઊઠ્યા હતા. આ ગૂંગળામણભરી સ્થિતિમાં એક ભેંસનું કરુણ મોત પણ નીપજ્યું હતું. બારડોલી ટાઉન પોલીસે આ મામલે ડ્રાઈવર મોહમ્મદ તોસીફ ગુલામ વ્હોરા અને ક્લીનર સલીમભાઈ મુસાભાઈ જમાદાર (બંને રહે. વલણ,તા.કરજણ) ની અટકાયત કરી છે. પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ પશુઓ વલણ ગામના મીન્હાજ યાકુબ દરવેસે ભરાવી આપ્યા હતા અને તેને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઈ જવાના હતા. પોલીસે ૧.૮૦ લાખની કિંમતની ભેંસો અને ૫ લાખનો ટેમ્પો મળી કુલ ૬.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પલસાણાના એનામાંથી ૨૬ ભેંસને કતલખાને લઈ જતા બચાવી લેવાઈ

પલસાણાઃ પલસાણાના ગામની સીમમાં એચ.પી. પેટ્રોલ પંપ પાસે ગૌરક્ષકોની સતર્કતાને કારણે ક્રૂરતાપૂર્વક ભરીને લઈ જવાતી ૨૬ ભેંસને બચાવી લેવામાં આવી છે. ૮ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજના આશરે ૬ વાગ્યાના સુમારે પલસાણાથી બારડોલી તરફ જતા રોડ પર ગૌરક્ષકોએ શંકાસ્પદ હાલતમાં એક બંધ બોડીનું કન્ટેનર અટકાવ્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ટાટા કંપનીના આ કન્ટેનરમાં, જેનો રજીસ્ટ્રેશન નંબર NL 01 N 0150 છે, તેમાં ઘાસચારા કે પાણીની કોઈ પણ સુવિધા વિના પશુઓને અત્યંત દયનીય હાલતમાં ખીચોખીચ ભરવામાં આવ્યા હતા. આ પશુઓને કોઈ પણ જાતના પાસ-પરવાના કે વેટરનરી ડોક્ટરના સર્ટિફિકેટ વગર કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા હોવાનું ખુલ્યું છે. પોલીસે આ કાર્યવાહી દરમિયાન ૩,૯૦,૦૦૦ની કિંમતની કુલ ૨૬ ભેંસો કબજે કરી છે. ઉપરાંત ૫,૦૦,૦૦૦ની કિંમતનું ટાટા કંપનીનું કન્ટેનર સાથે કુલ ૮,૯૦,૦૦૦નો મુદ્દામાલ પોલીસ હસ્તક લેવાયો છે. પોલીસે ઘટનાસ્થળેથી ડ્રાયવર ઇમરાનખાન કેસરખાન બલોચ (રહે. મહેકુબપુરા, તા. ખેરાલુ) અને ક્લિનર પીર મોહંમદ ઇકબાલભાઇ ફકીર (રહે. સુજનીપુર જિ. પાટણ) ની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ પશુઓ બોરસદ ખાતેથી ભરીને માલેગાવ મોકલવાના હતા. આ ગુનામાં પશુ ભરી આપનાર ગુલામ નબી રસુલ (રહે. અંકલેશ્વર) અને પશુઓ ભરાવનાર સરીફ શેખ (રહે. સતલાસણા) ને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે. પલસાણા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ રાજુભાઈની ફરિયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખોલવડ પાસે ટેમ્પો પલટી જતાં યુવકનું મોત

કામરેજઃ મૂળ અમરેલી જિલ્લાના બાબરાના વતની અને હાલમાં કામરેજ તાલુકાના ખોલવડ ગામની હદમાં અમૃત ઉદ્યોગનગર વિભાગ-3 બુલેટ ટ્રેનના બ્રિજ નીચે રહેતા ભરત વજાભાઈ ચારોલિયા (ઉં.વ.45) માતા હકુબેન સાથે ત્રણ દિવસ અગાઉ ખોલવડથી શાકભાજી લઇને ઘરે પરત ફરી રહ્યાં હતાં. તે સમયે તેમના સંબંધી ગોપાલ માથાસુળિયા રસ્તામાં મળી જતાં બંને તેમના થ્રીવ્હીલ ટેમ્પોમાં બેસી ગયા હતા. તે સમયે ખોલવડ લસકાણામાર્ગ ઉપર ગુજરાતી સ્કૂલની સામે વળાંક પર ટેમ્પો પલટી મારી જવાથી ભરતભાઈને ઈજા થતાં સારવાર માટે ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રવિવારના રોજ સાંજે હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

## કાપોદ્રામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર રૂરલ પોલીસે કાપોદ્રા ગામમાં ખુલ્લી જગ્યાએ પત્તાંથી હારજીતનો જુગાર રમતા પાંચ ઈસમ સબલુ ઉર્ફે સાહબુદ્દીન મોહમદ હલીમ શેખ, જયકુમાર ધીરૂભાઈ કણસાગરા,ઉમર અહેમદઅલી શેખ, તાહીરખાન લતીફખાન ખાન અને આરીફ લીયાકતઅલી શાહને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ.12610 રોકડ તથા જુગાર રમવાનાં સાધનો કબજે કર્યાં હતાં.

## મહુવા-અનાવલ સ્ટેટ હાઈવે પર પેસેન્જર રિક્ષા રોડની સાઈડમાં ઊતરી

અનાવલઃ મહુવા અનાવલ સ્ટેટ હાઈવે પર અંબિકાના ભગવાન પુરા વસરાઈ વચ્ચે પેસેન્જર રિક્ષાને અકસ્માત નડ્યો છે. વલવાડા તરફથી પેસેન્જર લઈને કરચેલિયા તરફ જતી રિક્ષા નં.(G.J.19.WB.2819)ના ચાલકે વસરાઈ ભગવાન પુરા વચ્ચે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં પેસેન્જર ભરેલી રિક્ષા સીધી રોડની સાઈડમાં ઊતરી ગઈ હતી. રોડની સાઈડમાં રિક્ષા ઊતરતાં જ રિક્ષાનો પલટી નહીં ખાતાં ચમત્કારિક બચાવ થઈ જતાં મોટી દુર્ઘટના ટળી હતી. રિક્ષા પલટી જતાં રાહદારીઓએ પોતાના વાહનો થંભાવી રિક્ષામાં સવાર ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે, રિક્ષા ચાલક ત્યાંથી ફરાર થઇ ગયો હતો. જ્યારે રિક્ષામાં સવાર પેસેન્જર્સને નાની-મોટી ઈજાઓ સાથે ચમત્કારિક બચાવ થયો હતો.

Milano
MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

### જાહેર નોટીશ

આ નોટીશ ધ્વારા જાહેર જનતાને તથા લાગતા વળગતા વારસદારોને જણાવવાનું કે મોજે ગામ : ધામડોદ લુંભા, તા. બારડોલી, જી. સુરતનાં ખાતા નંબર : ૪૮૯, જેના બ્લોક નંબર : ૬૮, સરવે નંબર : ૫૩/૧, ૫૩/૩. વાળી ખેતીની જમીન આવેલ છે. જે જમીન (૧) કાન્તીલાલ ઠાકોરભાઈ પટેલ, (૨) કિશોરભાઈ હરગોવિંદભાઈ પટેલ, (૩) દિલીપભાઈ ખુશાલભાઈ પટેલ, (૪) કિરણભાઇ રમણભાઇ પટેલ, (૫) દેવરાજભાઇ નાનુભાઇ પટેલ, (૬) બિમલભાઈ છોટુભાઈ પટેલ, (૭) નિતિનભાઈ બાબુભાઈ પટેલ અને (૮) કેતનકુમાર શાંતિલાલ પટેલના સંયુક્ત માલીકી કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવેલ છે. જે જમીન તમો કનેથી અમારા અસીલ વેચાણથી રાખવા માંગે છે અને તેથી સદરહું જમીનના સોદા રૂપે બ્યાનાની રકમ ચુકવી આપી તે અંગેની વેચાણની સોદાચીઠ્ઠી બનાવેલ છે, તેથી સદરહું જમીન અંગે જો કોઈ વ્યક્તિ, ઈસમ, ટ્રસ્ટ, મંડળી કે સંસ્થાનો ખાધા ખોરાકીનો, ઈઝમેન્ટનો યા માલીકી કબજાનો તથા અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ, બોજો, કબજો, ગીરો, લીયન, દાવા- દુવી, તર-તકરાર, હુકમ યા હુકમ નામુ વગેરે અથવા કોઈ બેંક કે નાણાકીય સંસ્થાનો બોજો યા અન્ય કોઈપણ જાતના લેણા વસુલાત કે હકક અધિકાર સમાયેલ હોઈ તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દીન ૧૫ માં લેખીતમાં વાંધા સહીત જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોક્ત વર્ણન વાળી જમીનનો અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈ પણ વ્યક્તિ, ઈસમ, ટ્રસ્ટ વીગેરે નો દર દાવો કે હકક, હીત, હીસ્સો, વાંધો વિરોધ ચાલશે નહી. તેની તમામ લાગતા વળગતા એ નોંધ લેવી. તા. ૨૭/૦૨/૨૦૨૬ અમારી વેચાણ આપનારની સુચના અને સંમતિથી આ નોટીસ આપવામાં આવેલ છે.

**SACHIN S CHAUDHARY** - Advocate
(OFF.) 12, 1st Floor, Golden Plaza, Kamrej Char Rasta,
Ta. Kamrej, Di. Surat Mo. No. 99041 39420

### જાહેર ચેતવણી અંગેની નોટીસનો જાહેર જવાબ-ખુલાશો-નોટીસ
**મોજે ગામ ઓલપાડની બ્લોક નં. ૮૪૩/અ ક્ષેત્રફળ ૧-૪૩-૧૭ વાળી મીલકત બાબત**

તા. ૦૪/૦૩/૨૦૨૬ ના રોજના ગુજરાત મિત્ર દૈનિકપત્રમાં બારડોલી વ્યારા ભરૂચ આવૃત્તીમાં શ્રી મણીલાલ બી. પટેલ, એડવોકેટ અને નોટરી નાઓ એ પ્લોટ ખરીદનારા જોગ જાહેર ચેતવણી રૂપે નોટીસ પ્રસીધ્ધ કરેલ તે ચેતવણી તદ્દન ખોટી ગેરકાયદેસરની ગળે પડુ અને પાયા વગરની છે. સદર જમીન અમારા અસીલ અરૂણકુમાર લાલજીભાઈ ગઠીયા, રઈશખાન ફિરોજખાન પઠાણ, કાંતિલાલ રામજીભાઈ ગબાણી અને મેહુલભાઈ બાલુભાઈ સોનાણી નાઓની કાયદેસરના માલીકી તથા પ્રત્યક્ષ ભોગવટા હેઠળની કાયદેસરના વેચાણ દસ્તાવેજના આધારે થયેલ માલીકીની છે.

સબાનાબાનુ પટેલ, રે ઓલપાડના ઓએ તેમના પિતાએ કરેલ દસ્તાવેજ નં. ૧૮૭૦/૨૦૦૬ માં જણાવેલ બ્લોક નં. ૮૪૩ માંથી બ્લોક નં. ૮૪૪ માં ખેતી કામે આવવા જવા માટે વાહન ટ્રેક્ટર ટેલર ટ્રક વિગેરે જે હાલમાં રસ્તો છે. તે રસ્તાનો કાયમી વપરાશી હકક વેચનાર માલીક ફકિરભાઈ મહંમદ ઈસ્માઈલ પટેલ નો કાયમી રાખવામાં આવેલો છે આ હકીકત તદ્દન ખોટી છે. બ્લોક નં. ૮૪૪ હાલમાં બીનખેતીની જમીન છે, સ.નં. / બ્લોક નં. ૮૪૪ ના હાલના માલીક સાથે રસ્તાની કોઈ તકરાર નથી, ત્રાહીત વ્યકિત તદ્દન ખોટી હકીકત રજુ કરી હમારા અસીલ પાસે ગેરકાયદેસર અવેજ મેળવવાની પેરવી કરી રહેલ હોવાનુ જણાય છે. હમારા અસીલનો દસ્તાવેજ કાયદેસરનો દસ્તાવેજ છે જેથી જાહેર જનતાએ તેઓની વાતમાં આવવુ નહી. કહેવાતા જમીન માલીકો તથા મળતીયાઓ ગેરકાયદેસરનો અવેજ મેળવવા તથા અમારા અસીલને દબાણમાં લાવવા આવી નોટીસ અપાવેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

હાલમાં અમારા અસીલ સદરહુ મીલકતમાં ડેવલોપીંગ કરી રહેલ છે જેથી તેઓ મનઘડત ગેરલાભ અમારા અસીલનાં હકકો માં હરકત, અંતરાય અને વિક્ષેપ કરવા માંગે છે જે કાયદેસર નથી અને તેવી નોટીસ થી કોઈએ કોઈપણ રીતે ભરમાવુ નહી અને સદર જમીન પરત્વે અમારા અસીલના સ્થાપિત હકકોમાં તેઓ હસ્તક્ષેપ કરવા કયારેય હકદાર નહોતા અને નથી, જેની હરકોઈએ નોંધ લેવી.

અસીલોની સૂચનાથી

તારીખ : ૦૯-૦૩-૨૦૨૬
ઓફિસ : ૩૦૩/૩૦૪, ઓમ-મંગલમ્ કોમ્પલેક્ષ, સેન્ટ્રલ બેંકની સામે, અથુગર મહોલ્લો, નાનપુરા, સુરત. મો. નં. (૯૮૨૫૨૫૦૫૦૭, ૯૪૨૮૪૫૧૧૫૫)

**મહેન્દ્રસિંહ જી. રણા**
**કિર્તિસિંહ એમ. રણા**
એડવોકેટ્સ

